**અમદાવાદ (ગ્રામ્ય) ની ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં. B-17, નવરંગપુરા, અમદાવાદ.**
**ક્રિમીનલ કેસ નંબર – ૩૨૪૦/૨૦૨૫**

**આંક........**

**<u>ફરીયાદીઃ–</u>** શ્રી સરકાર

વિરૂદ્ધ

**<u>આરોપીઃ–</u>** સુનીલકુમાર જયંતીભાઈ પટણી

**ફરીયાદી તર્ફે** એ. પી. પી. શ્રી, **આરોપી તર્ફે વિ. વ. શ્રી** એચ.જે.રાજપુરા

**ગુનોઃ–** બી.એન.એસ.–૨૮૫ મુજબ.

**–: ચુ કા દો :–**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન / લારી જાહેર રોડ ઉપર આવતા જતા વાહનો અડચણરૂપ રીતે ઉભી રાખી ભયજનક રીતે પાર્ક કરી બી.એન.એસ.–૨૮૫મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે અને તે મુજબ આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.
2. આરોપીને પ્રોસેસ કરતા હાજર થઈ પોતે ગુનો કબુલવા માંગે છે તેવી સ્વેચ્છાએ જાહેરાત કરતા આરોપીની ગુના કબુલાત પ્લી લીધેલ છે, જેમાં આરોપીએ તેમની વિરૂદ્ધનો ગુનો કબુલ કરેલ છે.
3. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરસીસ, આરોપીની આર્થીક તેમજ સામાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહુ આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

આ કામના આરોપીને **ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ–૨૭૫ અન્વયે બી.એન.એસ.–૨૮૫** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી **આરોપીને રૂ.100 અંકે રૂપિયા સો પુરાનો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન – 2 ની સાદી કેદની સજા ક**રવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ ૧૩ સપ્ટેમ્બર સને ૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.**

**તા. ૧૩/૦૯/૨૦૨૫**
**અમદાવાદ**

**( જે.એ.બક્ષી)**
**ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ**
**નવરંગપુરા, અમદાવાદ (ગ્રામ્ય)**
**જીજે૦૦૯૦૩**

**દંડ/પેનલ્ટી રૂપિયા <u>......................</u>**
**પહોચ નંબર..............થી વસુલ લીધા**

**તા:૧૩/૦૯/૨૦૨૫ સુપ્રિટેન્ડેન્ટ**